**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૮ ટકા

# આવતીકાલે દિવાસો : ઉત્સવોનું આગમન

**અષાઢી અમાસથી દિવાસો : આ દિવસથી આવનારા ઉત્સવોનો અને ખુશનુમા માહોલનો છડીદાર કહેવાય છે : આપણા કૃષિપ્રધાન દેશમાં દિવાસાનું વિશેષ મહત્વ**





ગાંધીનગર, તા.૨૬

અષાઢની અમાસ એટલે કે દિવાસો તા.૨૮ જુલાઈના રોજ અષાઢી અમાસ એટલે કે દિવાસો. આ દિવસ આવનારા ઉત્સવોનો અને ખુશનુમા માહોલનો છડીદાર કહેવાય છે. આપણા કૃષિપ્રધાન દેશમાં દિવાસાનું વિશેષ મહત્વ છે. વરસાદ થવાથી ખેતરોમાં લીલોતરી લહેરાઈ ઉઠે છે અને ધરતી માતા એ સર્વત્ર હરીયાળીનો શૃંગાર સજર્યો હોય છે. ખેતરોમાં ઉભો પાક લહેરાતો જોઈ આર્થિક સંપન્નાની આશા સેવતા ખેડૂતો અને અન્ય પ્રજા પણ ઉત્સાહમાં હોય છે તેથી દિવાસાને દિવસે વિશેષ ઉજવણી થતી હોય છે. દિવાસો એટલે સો દિવસનો તહેવાર. આ દીવસે પૂર્વજોને યાદ કરવામાં આવે છે. ખેતરમાં નવા પાણી, પૂજા થાય છે. અષાઢમાં મેઘરાજાનું આગમન થઈ ગયું છે એટલે વાવણી પણ થઈ ગઈ હોય છે. દિવાસો આવતા સુધીમાં ખેતરોમાં મકાઈ, તુવેરના પાકની કુંપણો ખેતરના પડને ચીરીને ડોકીયા કરતી હોય છે. એટલે વરસાદ સમયસર વરસતો રહે અને પાકનો ઉતારો સારો આવે તે માટે આદિવાસીઓમાં દિવાસાના દિવસે વિશેષ અનુષ્ઠાનની પરંપરા છે. દિવાસાની આગલી રાતે ઉજવણી કરાય છે. જેમાં ખેતરમાં જઈને કુટુંબના દેવતા અને પૂર્વજોનું પૂજન કરાય છે. અડદના વડા અને ઢેબરાનો પ્રસાદ પીરસવામાં આવે છે. ખેતરમાં ઉગી નીકળેલા પાકનું પૂજન કરાય છે. ઘણીવાર વરસાદ ન થતાં દિવાસાનું પર્વ ફિક્કુ બની જાય છે તેમ છતાં ખેડૂતો, ગાય, બળદ જેવા પશુઓનું પૂજન દિવાસાના દિવસે કરે છે. આ દિવસે ખેડૂતો પોતાના હળની પૂજા કરે છે અને ખેડૂત મહિલાઓએ પહેલેથી જે જ્વારા વાવ્યા હોય છે તેનું પૂજન કરે છે. સાથેસાથે ઘરમાં મિષ્ઠાન બનાવવામાં આવે છે. દિવાસાના દિવસ સાથે એવરત-જીવરતનું વ્રત પણ સંકળાયેલું છે. અષાઢ વદ તેરસથી શરૂ થતું આ વ્રત અષાઢી અમાસ એટલે કે દિવાસાના દિવસે પૂર્ણ થાય છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ આ દિવસે જ્વારાની પૂજા કરીને તેની પાસે દિવો પ્રગટાવે છે એટલા માટે પણ આ દિવસને દિવાસો કહેવાય છે.

### શ્રાવણના પહેલા દિવસથી દશામાનું વ્રત શરૂ

દિવાસાના દિવસે એક વ્રતની પૂર્ણાહુતિ થતાં બીજા વ્રતની શરૂઆત થાય છે. દિવાસાના બીજા દિવસે એટલે કે શ્રાવણના પહેલા દિવસથી દશામાના વ્રતની શરૂઆત થાય છે. મહિલાઓ દશામાનો શણગાર, સાંઢણી વગેરે લાવીને દસ દીવસ માતાજીની વિધિપુર્વક પૂજા-અર્ચના કરે છે.

## જન્મદિને વધામણી



જય રાજુલ ભટ્ટ
મો. ૯૦૩૩૮ ૬૨૬૫૪



હરકાંતભાઈ અનંતપ્રસાદ ભટ્ટ
મો. ૯૪૨૭૬ ૨૪૦૪૮



વસિષ્ઠસિંહ વાઘેલા
મો. ૯૯૦૪૧ ૩૫૩૨૦



પ્રકાશ એમ ગુરુબક્ષાણી
મો. ૯૪૨૭૩ ૩૫૧૬૯



જયુભા મહાવીરસિંહ રાણા
મો. ૯૫૩૭૭ ૫૩૭૩૪



ઈન્દ્રજિતસિંહ એસ રાઠોડ
મો. ૭૯૮૪૯ ૯૮૬૫૯



વિશ્રમ વિવેક રાવલ



સુભાષચંદ્ર એસ નાયી
મો. ૯૭૩૭૧ ૯૪૧૪૭



હરિભાઈ ચૌહાણ



રીયા રાજેશભાઈ પટેલ

## શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ સેક્ટર-૨૫ ખાતે માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમ યોજાયો



શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કુલ સે.-૨૫ દ્વારા ગુરુપૂર્ણિમા નિમીત્તે માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમ યોજી આપણી સંસ્કૃતિ, સભ્યતા, સંસ્કારોને વિદ્યાર્થીઓના માનસ પટલમાં, આચરણમાં શીખ મળે તે હેતુથી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગરના સેક્ટર -૨૫ ખાતે આવેલ શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કુલના એડિટોરિયમ હોલમાં ચેરમેન પટેલ બાબુ દાદા, મેનેજીંગ ડાયરેક્ટર ડો. ડી.બી. પટેલ, પ્રિન્સીપાલ અને કો.-ઓર્ડીનેટર ડો. બેલાબેન જે. પટેલના માર્ગદર્શન હેઠળ શાળામાં ગુરુપૂર્ણિમા નિમીત્તે માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ માતા-પિતા અને બાળકોના પ્રેમ વિશે એક ઉત્તમ નાટ્ય વિદ્યાર્થીઓ દ્વારા ભજવવામાં આવ્યું હતું. ત્યારબાદ માતૃ-પિતૃ પૂજન શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું પૂજન કર્યું હતું. ત્યારબાદ મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તમામ વિદ્યાર્થીઓ દ્વારા પોતાના માતા-પિતાની આરતી ઉતારવામાં આવી હતી. ભવિષ્યમાં માતા-પિતાની સાથે શાળાનું નામ રોશન કરવાની શીખ આપી સંકલ્પ કરાવ્યો હતો.

## ચિલ્ડ્રન્સ યુનિ.ના અધ્યાપકો દક્ષિણામૂર્તિ અને લોકભારતીની શૈક્ષણિક મુલાકાતે



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના એક્સટેન્શન વિભાગ દ્વારા તારીખ ૨૨-૨૩ જુલાઈના રોજ શૈક્ષણિક સંસ્થાની મુલાકાતનું આયોજન થયું હતું. ભાવનગર ખાતે આવેલી દક્ષિણામૂર્તિ બાલમંદિર અને સણોસરાની લોકભારતી સંસ્થાઓની મુલાકાત યુનિવર્સિટીના શૈક્ષણિક સ્ટાફ દ્વારા લેવામાં આવી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મુખ્ય ઉદ્દેશમાં બાળ-વિકાસ મહત્ત્વનો છે ત્યારે ભાવનગર જિલ્લાની આ બે શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણપદ્ધતિ કયા પ્રકારની છે અને ત્યાં બાળ-શિક્ષણ માટે અને તેના સર્વાંગી વિકાસ માટેની કઈ કઈ પ્રવૃત્તિઓ અને પ્રકલ્પો ચાલે છે તેનો અભ્યાસ કરવો યુનિવર્સિટીના અધ્યાપકનો માટે બહુ ઉપયોગી પુરવાર થાય એમ હતો. આ ઉદ્દેશને ધ્યાનમાં રાખી યુનિવર્સિટીના કુલપતિ ડો. હર્ષદ પટેલની પ્રેરણાથી આ બે દિવસીય શૈક્ષણિક મુલાકાતનું આયોજન થયું હતું.

## સેક્ટર-૨૧ ખાતે નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૨૬

સેક્ટર-૨૧ ખાતે ફિઝિયોથેરાપી કેમ્પનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનાં દિવસે સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપીસ્ટનાં જાણીતાં નિષ્ણાંત ડૉક્ટર નિધિ લેકિનવાલા દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું સાથે અદ્યતન મશીનોની મદદથી પ્રેક્ટીકલી સારવાર આપવામાં આવી હતી તથા લાભ લેનાર લાભાર્થીઓને માહિતી આપી જાગૃતી લાવવા માટેનું ઝુંબેશ હાથ ધર્યુ હતું. જેમાં ડૉ. નવનીત ઝાલા અને ડૉ. મેધાવી પટેલ વિશેષ સહભાગી રહ્યા હતા. આ ફિઝિયોથેરાપી કેમ્પમાં ગાંધીનગર સાહિત્યસભાનાં અધ્યક્ષ સંજય થોરાત, ગાંધીનગર મહાનગર પાલિકાનાં વિપક્ષ નેતા અંકિત બારોટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં અને મોટી સંખ્યામાં ગાંધીનગરનાં સૌ નગરજનોએ કેમ્પનો લાભ લીધો હતો તથા કેમ્પને સરળ રીતે સફળ બનાવવા માટે કોર્પોરેટરો, ડૉક્ટરો અને દરેક લાભાર્થીઓનો મિલાપ ટાટારિઆએ આભાર વ્યક્ત કર્યો હતો.

## મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ટ્રાફિક નિયમોનું માર્ગદર્શન અપાયું



મહાત્મા ગાંધી વિદ્યામંદિર સે-૧૬ ખાતે ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસ ગાંધીનગર દ્વારા શાળાના વિદ્યાર્થીઓને પોતાની સલામતી, લાયસન્સની સમજણ, ડ્રાઈવીંગ અંગેની સલામતીનું જ્ઞાન ઉપસ્થિત પીએસઆઈ એમ.આર.પટેલે વિદ્યાર્થીઓને આપ્યું હતું. ત્યારબાદ આરટીઓના સહાયક મોટર વાહન નિરિક્ષક સી.ડી.પ્રજાપતિએ ટ્રાફિક અંગેના નિયમો પધ્ધતિસર સમજાવ્યા હતા. આ પ્રસંગે એએસઆઈ ધર્મેન્દ્રસિંહ સોલંકી (ટ્રાફિક પોલીસ) પણ સમગ્ર વિદ્યાર્થીઓને ટ્રાફીક પોલીસ અંગેનું જરૂરી માર્ગદર્શન આપ્યુ અને શપથ લેવડાવ્યા હતા.

## એલડીઆરપી ખાતે કારગીલ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૬

બાળકોમાં દેશપ્રેમનો વધારવા અને કારગીલ યુધ્ધના શહીદોને શ્રધ્ધાંજલિ આપવા એલડીઆરપી કોલેજમાં કારગીલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એનસીસી કેડેટ્સ અને એનએસએસ વોલેન્ટર્સ દ્વારા પરેડ તથા પરફોર્મન્સ આપી શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એલડીઆરપી કોલેજના પ્રિન્સીપાલ ડો.ગાર્ગી રાજપરા તથા હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ અને કોલેજના અન્ય અધ્યાપકોએ પુષ્પાંજલિ આપી શહીદોને યાદ કર્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન એનસીસી કેરટેકર ઓફીસર ભાવિક પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.



શ્રી શિવશક્તિ મંદિર, સેકટર-૫/એ ખાતે મકાઈ ડોડા તથા લીંબુ મરચાના હિંડોળા યોજાયા હતા. ભાવિકોએ મોટી સંખ્યામાં આ અનોખા હિંડોળાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## હેલ્મેટ પહેરો માથે સુરક્ષાને રાખો સાથે



જે.એમ.ચૌધરી પ્રાથમિકમાં તાજેતરમાં હેલ્મેટ પહેરવાથી થતાં ફાયદા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. શાળામાં વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ દ્વિચક્રિય વાહન ચાલકો માટે હેલ્મેટ પહેરવું તે માથામાં થતી ઈજાઓના નિવારણ માટે સૌથી અસરકારક છે તેના વિશેની માહિતી ધો.૮ના બાળકોને આપવામાં આવી હતી. તેઓ દ્વારા વિદ્યાર્થીઓને હેલ્મેટ પહેરવાથી મસ્તકમાં થતી ઈજાઓથી બચી શકાય છે અને ગળા પર થતી ઈજાઓથી પણ બચી શકાય છે. આઈએસઆઈ માર્કાવાળી હેલ્મેટ પહેરવી જોઈએ તે વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

## એપોલો ઈન્ટરનેશનલ સ્કુલમાં તંદુરસ્તી ચકાસણી કાર્યક્રમ



તંદુરસ્તી શરીર અને ક્રિયાશીલ મન એ વિદ્યાર્થીના અભ્યાસકાળ જીવનમાં ઉદ્દીપકનું કામ કરે છે. જેને ધ્યાનમાં લઈ, ગુજરાત સરકાર દ્વારા શાળામાં આવતા દરેક વિદ્યાર્થીની તંદુરસ્તી ચકાસણી અભિયાન હાથ ધરેલ છે. જે અંતર્ગત કુડાસણ ખાતે આવેલી એપોલો ઈન્ટરનેશનલ સ્કુલમાં બધા જ વર્ગોમાં શુભારંભ કરાયો હતો.જે અંતર્ગત આરોગ્ય વિભાગના ડોકટરોની ટીમ દ્વારા વિદ્યાર્થીઓની શારીરિક તંદુરસ્તી અંગેની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને જીવનમાં આરોગ્યનું મહત્વ સમજાવ્યું હતું.

### તા.૧૭થી ૨૧ ઓગસ્ટ દરમિયાન
## આઈઆઈટી ખાતે રાષ્ટ્રીય કક્ષાની સ્કવોશ ટૂર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (IITGN), સ્ક્વોશ રેકેટ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SRFI)ના સહયોગથી, ૧૭ થી ૨૧ ઓગસ્ટ, ૨૦૨૨ દરમિયાન રાષ્ટ્રીય કક્ષાની સ્ક્વોશ ટુર્નામેન્ટ - IIT ગાંધીનગર સ્ક્વોશ ઓપનનું આયોજન કરવા જઈ રહી છે. પાંચ દિવસીય આ ટુર્નામેન્ટ સંસ્થાના નવા બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ભારતભરમાંથી આશરે ૩૦૦ થી વધુ સ્કવોશ પ્રોફેશનલ્સ અને ઉત્સાહીઓને એકસાથે લાવશે. સ્ક્વોશ ખેલાડીઓ ૨૭ જુલાઈ, ૨૦૨૨ સુધીમાં SRFI એપ પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવીને ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકે છે. આ ટૂર્નામેન્ટ સીધું જ નેશનલ સ્કવોશ રેન્કીંગ લીસ્ટમાં યોગદાન આપશે અને ભાગ લેનાર ખેલાડીઓને તેમના પ્રદર્શનના આધારે નેશનલ રેન્કીંગ પોઈન્ટ પણ મળશે.



એડવોકેટ એન્ડ સ્પે. પી. પી. ગાંધીનગર, ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી, દ્વારા લખેલ દળદાર અને માહિતી સભર પુસ્તક ધ ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩નું વિમોચન પૂર્વ ન્યાયાધીશ આર. આર. ત્રિપાઠીજીના દ્વારા કરવામા આવ્યું હતું. જે બુક આજરોજ કાયદા મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીને અર્પણ કરાયું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ.વાઘેલા પ્રવિણસિંહ વિરૂસિંહ ઉ.વ.૬૯, સેકટર-૨૮